# મોડાસા સહિત જીલ્લામાં ઠેર ઠેર ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉમંગે ઉજવાયો





મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં આજે અષાઢી પૂનમે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારે ઉમંગ ઉલ્લાસ વચ્ચે ઠેર ઠેર ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉમંગે ઉજવાયો હતો "ગુરુબિન ભવનિધિ તરહી ન કોય.. ચાહે બિરંચી શંકર સમ હોય...!! ગુ એટલે અંધકાર અને રું એટલે પ્રકાશ...આધ્યાત્મિક દષ્ટિએ જીવનમાં ગુરુનો મહિમા અપરંપાર છે. છેક ભગવાન કૃષ્ણ અને શ્રી રામ જેવા અવતારી દેવો..ભગવંતોના સમયમાં પણ ભગવાને પૃથ્વી ઉપર અવતરી ગુરુદ્વારાઓમાં જઈ ગુરુ પાસેથી આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું હતું જે ઉજ્જ્વળ પરંપરા થકી ચાલી આવતી ગુરુ મહિમાને ઉજાગર કરતી ગુરુપૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહે છે. આજે અરવલ્લી જિલ્લામાં પણ મોડાસામાં દેવાયત પંડિતની પવિત્ર ભૂમિ દેવરાજ ધામ ખાતે,બન્ને જિલ્લાઓના મુમુક્ષુઓ- ભક્તોના આસ્થાનું કેન્દ્ર સમા ગોધમજી ખાતે સંત જેસિંગ બાવજીનના મંદિરે ઉપરાંત અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં પણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ભારે ઉમંગભેર ઉજવાઈ હતી. મોડાસા તાલુકામાં બોલુંદરા ગામે પ્રસિદ્ધ શ્રીકૃષ્ણાશ્રમ ખાતે અગ્નિહોત્રી આત્રેયભાઈના સાન્નિધ્યે, સરડોઈમાં પૂ.ભક્તિરામ બાવજીને ગાયત્રી આશ્રમે પૂ પદયુમન બાવજી અને દત્ત આશ્રમે , મેઢાસણ પાસે સાલમપુર ખાતે પૂ.મોહનમહારાજના તારાપુર આશ્રમે પૂ. લક્ષ્મણબાપુના સાન્નિધ્યે,મોડાસાના શિણાવાડ માં સંતશ્રી પુરુષોત્તમ આશ્રમે, મોટી ઈસરોલમાં રામદેવ ઉપાસક પૂ.હીરાદાદાના સાન્નિધ્યે, સુનોખ કંપા નજીક વક્તાપુરમાં સંત લાલજી મહારાજના અશ્રમે,ખોડંબા પાસે વૈજનાથ મંદિરે પૂ.વાસુદેવજી મહારાજ અને બદારપુરા ગુરૂગાદીએ પૂ.બાળકદાસજી મહારાજના સાન્નિધ્યે પણ ગુરુ પૂર્ણિમા ઉજવાઈ હતી. આજે જિલ્લામાં આશ્રમો, ગુરુદ્વારાઓ તેમજ ગુરુ નિવાસ સ્થાનોમાં દર્શનાર્થીઓની ભીડ જામી હતી.સવારથી જ ભકતો,અનુયાયીઓ પોતાના ગુરુના દ્વારે જઈને તેમજ દેવદેવીઓના મંદિરોમાં જઈ માથું ટેકવીને ભગવાનના દર્શન કરીને અને ગુરુદ્વારાઓમાં ગુરુવંદના, પૂજા કરીને અને ગુરુ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# જિલ્લામાં ગુરુ પૂર્ણિમા પર્વની આસ્થાભેર ઉજવણી કરાઈ

**૮૦૦ થી વધુ દેવમંદિર - આશ્રમમાં ગુરુ-શિષ્ય મિલનના ભાવુક દ્રશ્યો : શિષ્યોમાં ગુરુના આશીર્વાદ મેળવ્યા : મંગળા આરતી, ગુરુચરણ પાદુકા પૂજન, ધ્વજા પુજન સહિતના કાર્યક્રમ યોજાયા**











બાયડ, તા.૦૩

સોમવારે ગુરુ પૂર્ણિમા, વ્યાસ પૂર્ણિમાની આસ્થા અને શ્રદ્ધા સાથે ઉજવણી થવાની છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮૦૦થી વધુ દેવમંદિરો અને ગુરુ આશ્રમોમાં સવારથી દર્શનાર્થીઓની ભીડ જામી હતી. અનેક આશ્રમોમાં ગુરુ-શિષ્ય મિલનના ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા. ગાયત્રી શક્તિપીઠ સહિત કેટલાક આશ્રમોમાં ગુરુ પૂર્ણિમા નિમિત્તે ભક્તજનો માટે પ્રસાદના આયોજન કરાયા હતા. વરસાદની આગાહી છતાં શિષ્યોમાં ગુરુના આશીર્વાદનો થનગનાટ જોવા મળી રહ્યો હતો. જ્યારે ગુરુ પૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ જિલ્લાના ૨૦૦થી વધુ શિષ્યો તાજપુરાના નારાયણ ધામમાં પહોંચ્યાનું જાણવા મળ્યું છે. કેટલાક આશ્રમોમાં મંગળા આરતી, ગુરુચરણ પાદુકા પુજન, ધ્વજા પુજન સહિતના ધાર્મિક કાર્યક્રમો આયોજીત થયા હતા ગુરુ વંદનાનું અનોખુ પર્વ એટલે ગુરુ પૂર્ણિમા પર્વ. ગુરુ પૂર્ણિમાના દિવસે જ્ઞાન અને ભક્તિ દ્વારા જીવનને ઉત્કૃષ્ઠ બનાવવા અને માનવ જીવનની સાર્થકતા માટેના પ્રયાસો સફળતા મેળવવાનો અવસર એટલે ગુરુ પૂર્ણિમા. આધુનિક વિજ્ઞાન યુગ હોવા છતાં અનેક પરિવારોની આસ્થા ગજબની જોવા મળી રહી છે. આવા અનેક પરિવારો પોતાના ગુરુના ચરણો સ્પર્શ કરવા સોમવારે સવારે તેમની નિશ્રામાં પહોચ્યા હતા અને ગુરુ પૂજન સહિતના કાર્યક્રમોના પણ આયોજન કરવામાં આવ્યું હતું. મહાભારતના યુદ્ધમાં પણ નિરાશ અને હતાશ અર્જુનને તેના કર્તવ્યનું ભાન કરાવવા શ્રી કૃષ્ણએ ભગવદ્ ગીતાનો ઉપદેશ આપ્યો અને અર્જુને આદર્શ શિષ્ય બનીને તે સિદ્ધ કરી દેખાડયું. જેથી ગુરુ પૂર્ણિમા પર્વનું મહત્વ પણ અનેક ગણું જોવા મળ્યું છે. ગુરુ પૂર્ણિમા હોવાથી જિલ્લાના ખ્યાતિ પ્રાપ્ત દેવમંદિરોમાં સવારથી દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી અને પોતાના ગુરુજનોના આશ્રમમાં પણ શિષ્ય મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. ખાસ કરીને સુંદરપુરા રામજી મંદિર અયોધ્યાધામ ખાતે બ્રહ્મલીન મહંત શ્રી અયોધ્યારામજીના સૂક્ષ્મ આશીર્વાદથી શ્રીશ્રી ૧૦૦૮ પરમ પૂજ્ય શ્રી કેશવદાસજી મહારાજના સાનિધ્યમાં, ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે વિશ્વ શાંતિ અર્થે ૨૨૦૦થી વધુ પરિજનોની હાજરી વચ્ચે મહામૃત્યુંજય મંત્ર જાપ કર્યાનું પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય અને તેમની કમીટીએ જણાવ્યું હતું. આ ઉપરાંત વિષ્ણુધામ આશ્રમ-ડેમાઈ, ધનસુરા રામજી મંદિર, ગોધમજી જેસીંગ બાવજી આશ્રમ, પિલુદ્રાના ગોપાલદાસબાપુ આશ્રમ, બેરણા આશ્રમ તેમજ સરડોઈના ગુરુદત્ત આશ્રમ અને જુમસર છાપરાના નિલકંઠેશ્વર મહાદેવના નિર્મોહી આશ્રમે શિષ્યો આજે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાનું જાણવા મળેલ છે.

# સરડોઈ ગુરૂદત્ત આશ્રમમાં ગુરૂ પૂનમની ઉજવણીઃ સમાધી સ્થળે ચરણ પાદુકા પૂજન કરાયું



સરડોઈ તા.૩

મોડાસા તાલુકાના સરડોઈ ગામના ગુરુદત્ત આશ્રમે ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સ્થાનિક ઉપરાંત મહારાષ્ટ્રના શિષ્યસમુદાયે બ્રહ્મલીન સંત વિશ્વબંધુ જયશંકર મહારાજના સમાધી સ્થળે ચરણ પાદુકા પૂજન કરી ધન્યતા અનુભવી હતી.અરવલ્લી જિલ્લાના સરડોઈ ગામે ભજન અને સત્સંગનું કેન્દ્ર બનેલા ગુરુદત્ત આશ્રમે દર વર્ષે આસ્થા પૂર્વક ગુરુપૂર્ણિમા ઉજવાય છે.આશ્રમના પુ.વિશ્વબંધુ જયશંકર મહારાજની સૂક્ષ્મ હાજરીમાં તા.૩ ના રોજ ભક્તોએ વિધિવત રીતે ગુરૂપૂજન કર્યું હતું.ગુરુમાં કમળા બા ના સાનિધ્યમાં શિષ્ય સમુદાય દ્વારા ગુરુદેવની સમાધી સ્થળે ગુરૂ વંદના અને પૂજન કાર્યક્રમ યોજવાની સાથે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતું.આ પ્રસંગે આત્મારામ નાયક ,સીતારામ નાયક સહિત સેવક સમુદાય દ્વારા જહેમત ઉઠાવી ગુરૂ પૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# પાલનપુરના વિકાસ નકશામાં ૩૦ દિવસમાં ૩૦ વાંધા અરજી આવી

**નગરપાલિકાની લોબીમાં વિકાસ નકશો લોકોને જોવા માટે મુકાયો છે : મોટાભાગના વાંધાઓ ડીપી રોડ હટાવવા માટેના આવ્યા**

પાલનપુર તા.૩


પાલનપુર નગરપાલિકાનો વિકાસ નકશો લોકોને જોવા માટે તેમજ જોઈને વાંધા હોય તો રજુ કરવા માટે નગરપાલિકાની લોબીમાં મૂકવામાં આવ્યો છે. જેમાં ૩૦ દિવસમાં અંદાજીત ૩૦ જેટલા વાંધા ઓ નગરપાલિકાના ચોપડે નોંધાયા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર નગરપાલિકાનો વિકાસ નકશો છેલ્લા કેટલાય સમયથી વિવાદોમાં ઘેરાયેલો હતો. ત્યારબાદ ફરી વિકાસ નકશો ટીપી કમીટીમાં મંજૂર કરી બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો અને ઉચ્ચકક્ષાએ મંજૂરી અર્થે મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ આ વિકાસ નકશો પાલનપુર નગરપાલિકા દ્વારા લોકોને જોવા માટે તા. ૧ જુન ૨૦૨૩ થી મૂકવામાં આવ્યો છે. જે બે માસ સુધી રાખવામાં આવશે. અને બે માસ દરમિયાન જે પણ લોકોના વાંધા અરજીઓ આવશે તે વાંધાઓ દૂર કરી મંજૂરી અર્થે મોકલવામાં આવશે. જેમાં એક માસ દરમિયાન અંદાજિત ત્રીસ જેટલા વાંધા અરજીઓ નગર પાલિકા ચોપડે નોંધાઈ છે. જેમાં મોટા ભાગના વાંધાઓ ડીપી રોડ હટાવવા માટેના હોવાનું જોવા મળી રહ્યા છે. આ વિકાસ નકશો હજુ એક માસ દરમિયાન નગરપાલિકાની લોબીમાં રાખવામાં આવશે અને જે કોઈ લોકોને વાંધા હશે તે પોતાના વાંધા નગર પાલિકામાં રજૂ કરી શકશે. ત્યારબાદ વાંધાં સાથેનું રજીસ્ટર ઉચ્ચકક્ષાએ વિકાસ નકશો મંજુરી માટે મોકલવામાં આવશે. અને ઉચ્ચ કક્ષાએથી જે નિર્ણય કરવામાં આવશે તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.






# યાત્રાધામ શામળાજીમાં ગુરૂ પૂર્ણિમાના પાવન પર્વે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું





મોડાસા, તા. ૩

અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે બિરાજતા કાળીયા ઠાકોરના શામળાજી મંદિરમાં ગુરૂ પૂર્ણિમાના પાવન અવસરે હજારો ભક્તો ઉમય્યા હતા.હાજર ભક્તોએ ભગવાન શામળિયાના દર્શન કરી ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરી હતી. આજે અષાઢ સુદ પૂર્ણિમા એટલે ગુરૂ પૂર્ણિમા તરીકે ઉજવાય છે આ દિવસે ગુરૂ પૂજનનું વિશેષ મહત્વ હોય છે ત્યારે કેટલાક ભક્તો ગુરૂ ગાદી જયારે કેટલાક ભક્તો પોતાના આરાધ્ય દેવના દર્શન કરી ગુરુ પૂર્ણિમા ઉજવતા હોય છે ત્યારે યાત્રાધામ શામળાજી ખાતે પણ આજે ગુરૂ પૂર્ણિમાના પાવન અવસરે હજારો ભક્તો ભગવાન શામળિયાના દર્શને ઉમટયા હતા અને પોતાના ગુરૂ અને આરાધ્ય દેવના દર્શન કરી ધન્ય બન્યા હતા પૂર્ણિમાના પાવન અવસરે ભગવાન શામળીયાને સોનાના આભૂષણો અને સોનેરી ઝરીના વસ્ત્રો થી સાજ શણગાર કરાયા હતા તેમજ નિજ મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું જે શામળિયાના દર્શન કરી હજારો ભક્તો ધન્ય બન્યા હતા વહેલી સવાર થી ભકતો કાળીયા ઠાકોર ના દર્શન કરવા લાબી લાઈન મા ગોઠવાઈ ગયા હતા ભગવાન ના સન્મુખ દર્શન કરીને ધન્યતા અનુભવતા હતા બજાર મા તથા હાઈવે રોડ પર ભારે ટ્રાફિક ને કારણે રોડ પર ટ્રાફિક જામ થઈ ગયેલ હતો ખાખચોક ના મહંત હરકિશોર મહારાજ ના આક્ષમ મા ભક્તો એ ગુરુ મહારાજ ના આશીર્વાદ મેળવ્યા હતા.

# પ્રાંતિજ સહિત તાલુકામાં ગુરૂ પૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી





પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા મા ગુરૂ પૂર્ણિમા ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ ખાતે ગુરૂ પૂર્ણિમા ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવી હતી જેમા પ્રાંતિજ ખાતે કાર્યરત વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પુજય સંતો મહંતો ની પુજા અર્ચના કરવામા આવી હતી જેમા પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર ના મહંત પ્રાણજીવન દાસજી, પોગલુ મંદિર ના મહંત સુનીલદાસજી મહારાજ, અભિપ્સાબા, અરૂણ મહારાજ ને ફુલહાર પહેરાવી પુજા અર્ચના કરવામા આવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ વિશ્વ હિદુ પરિષદ ના નટુભાઈ બારોટ, રામસિંહ, મુકેશભાઈ સોની, મેહુલભાઈ પટેલ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને સંતો મહંતોના આશીર્વાદ લીધા હતા.

**ગાંભોઈ પંથકમાં ચૂડવેલ નામની જીવાતના ઉપદ્રવથી પ્રજા ત્રાહિમામ...**

# હજારોની સંખ્યામાં ઉપદ્રવ થયેલ આ જીવાતના ઘરની દીવાલો અને રસોડામાં થર લાગ્યા...





ગાંભોઈ, તા.૩

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાના પ્રારંભે વરસાદી ભેજવાળા વાતાવરણમાં દર વર્ષની જેમ ચાલુ સાલે પણ બે ઈંચ લાંબી ઈયળ જેવી દેખાતી અને 'ચૂડવેલ' તરીકે ઓળખાતી જીવાત રાતોરાત હજારોની સંખ્યામાં દેખા દેતા ઉપદ્રવ પામેલ આ જીવાતથી ગ્રામ્ય વિસ્તારની પ્રજા ભારે વાજ આવી ગઈ છે.

હિંમતનગર તાલુકાના ગાંભોઈ, ધુળેટા, રાજેન્દ્રનગર, રાયગઢ, રૂપાલ, અગિયોલ સહિત અનેક ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી વાતાવરણમાં ચૂડવેલ જીવાતનો ભારે ઉપદ્રવ થયેલો જોવા મળે છે. આ અંગે ગાંભોઈ ગામના ભીખાભાઈ રાવળ અને રૂપાલના અશોકભાઈ નાયી જણાવે છે કે છીંકણીયા રંગની ચકચકિત અને કાનખજુરાની ચાલે દોડતી આ જીવાત જોઈને પ્રથમ જોનારને ભલભલાને સુગ ચડે છે. ઘણા લોકોને આ જીવાત જોઈ ઉબકા આવી ઉલટી પણ થતી હોય છે. જોકે આ જીવાત માણસને કે ખેતીપાકને કોઈ નુકસાન કરતી નથી. આ જીવાત ગમે તે દિશા તરફ સતત દોડતી માર્ગ પર જોવા મળે છે. જયારે હજારોની સંખ્યામાં ઉપદ્રવ પામેલ આ જીવાત ઘરની અંદરના ખંડો, રૂમો અને રસોડાની દીવાલોમાં પોપડાની જેમ બાજી ગયેલી નજરે પડે છે. આ જીવાત ચોમાસાના પ્રારંભના ભેજવાળા વાતાવરણમાં રાતોરાત પેદા થઈ રસ્તાઓ પર હજારોની સંખ્યામાં ચાલવા લાગે છે. ખાસ કરીને ખેતરના ખરાબાની જમીન, વાડ અને ઉકરડા જેવા સ્થળોએ હજારોની માત્રામાં ઉપરા ઉપરી પડ જામેલા જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઠેરઠેર ઉપદ્રવ પામેલ આ જીવાતને ઘણા અંધશ્રદ્ધાળુ લોકો માતાજીનો પ્રકોપ પણ માનતા હોય છે. અને આ જીવાતથી બચવા શ્રદ્ધાળુ લોકો બાધા-આંખડીઓ રાખીને પણ મન મનાવતા હોય છે. હાલ ગ્રામ્ય વિસ્તારોના મકાનોમાં તેમજ જાહેર માર્ગો પર ઠેરઠેર લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આ જીવાતના નિયંત્રણ માટે દવાનો છંટકાવ કરવા આગોતરું આયોજન કરી યોગ્ય પગલાં ભરે એમ ગ્રામ્ય પ્રજાએ ઈચ્છી રહી છે.

# પાલનપુર પાલિકાએ ખાનગી માલિકીની જગ્યામા બનાવેલ રોડનો વિવાદ વકર્યો...

**જમીન માલિકે રોડ તોડવાની તજવીજ હાથ ધરતા પોલીસને જાણ કરાઇ : પોલીસને રોડની ચોક્કસ જગ્યા ન જણાવતા પાલિકામા જવાબ લેવાની પ્રક્રિયા હાથ ધરાઇ**

પાલનપુર તા.૩

પાલનપુર નગર પાલીકાના વિવાદિત વિકાસ નકશાને હજુ તો ગાંધીનગરમાં મંજૂરી માં પડ્યો છે ત્યાં પાલિકાના શાસકોએ ખાનગી મિલકતમા વિકાસ નકશામાં દર્શાવેલ સૂચિત રોડ બનાવી દેતા વિવાદનો મધપૂડો છંછેડાયો છે.જોકે પાલીકાએ ખાનગી મિલકતમાં લાખો રૂપિયાના ખર્ચે રોડ બનાવતા આ મિલકત ધારકે રોડને ફરતે ફેંસિંગ વાડ ઊભી કરી રોડની તોડ ફોડ કર્યા બાદ ફરી આ રોડને તોડવાની કામગીરી હાથ ધરતા ચીફ ઓફિસરે પોલીસને જાણ કરી હતી .પરંતુ ચીફ ઓફિસરે રોડ અંગે ચોક્કસ જગ્યા ન જણાવતા પોલીસે રોડ વાળી જગ્યાને લઈ પાલિકામાં જવાબ લેવાની તજવીજ હાથ ધરી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ભાજપ સાશિત પાલનપુર નગર પાલિકા શાસકોના અણધડ વહીવટને લઈ સતત વિવાદોમાં સપડાયેલી રહે છે જેમાં અગાઉ ભંગાર કૌભાંડ જે બાદ શાસકોની જાણ બહાર કતલખાનાના લાયસન્સ ઈસ્યુ થવાનત વિવાદો ચાલી રહ્યા ત્યાં સૂચિત વિકાસ નકશામાં દર્શાવેલ જગ્યા પર વિકાસ નકશાની મંજુરી પહેલા જ ખાનગી જગ્યામાં આઠ લાખની માતબર રકમના ખર્ચે ટીપી રોડ બનાવી દેવામાં આવતા વિવાદ સર્જાયો છે. શાક માર્કેટ થી માન સરોવર તરફ જવાના માર્ગ પર આવેલ સર્વે નંબર ૩૧૦૨ વાળી ખાનગી માલિકીની જગ્યામા નગર પાલિકા દ્વારા સીસી રોડ બનાવી દેતામાં આવતા આ જમીન માલિકે ખુલ્લી જગ્યા પર ફેન્સીગ વાડ બાંધી આ જગ્યામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકી અગાઉ રોડ ની તોડફોડ કર્યા બાદ શનિવારે ફરી જેસીબી થી રોડ તોડવાં માં આવતા ચીફ ઓફિસરે પોલીસને જાણ કરી હતી. પરંતુ પોલીસને રોડ કઇ જગ્યાએ આવેલ છે તેની કોઈ ચોક્કસ જગ્યા ન જણાવતા પોલીસે આ જગ્યા મામલે પાલિકામાં અધિકારીઓનાં નિવેદન લેવાની તજવીજ હાથ ધરી હતી.

## પોલીસને વિવાદિત રોડની જગ્યા ન જણાવાઈ

પાલીકા દ્વારા ખાનગી જગ્યામાં સૂચિત ટીપી રોડ બનાવી દેવામાં આવ્યો હોય આ જમીન માલિક પોતાની જગ્ગા ખુલ્લી કરવા જેસીબી થી રોડની તોડ ફોડ કરતા હોવાનું પાલીકાના ધ્યાને આવતા ચીફ ઓફિસરે વોર્ડ નંબર બે માં રોડ ની તોડફોડ અટકાવવા પોલીસને જાણ કરી હતી.પરંતુ છે ચીફ ઓફિસરે વોર્ડ નંબર બે માં કઈ જગ્યાએ રોડ આવેલ છે તેની ચોક્કસ જગ્યા જણાવવામાં ન આવતા પોલીસે જગ્યા અંગે પાલીકાના અધિકારીઓનાં નિવેદન લેવાની તજવીજ હાથ ધરી હતી.

## શાસકોના અણઘડ વહીવટના તાજા દાખલા

નગરપાલીકામાં પડેલ લાખો રૂપિયાનું ભંગાર તેની અપસેટ કિંમત કરતા ઓછી કિંમતે વેચી મારવાને લઈ વિવાદ સર્જાયો હતો . જે વચ્ચે માન સરોવર નજીક ખાનગી જગ્યામાં વિકાસ નકશા ની મંજુરી પૂર્વે આઠ લાખના ખર્ચે સૂચિત ટીપી રોડ બનાવી દેવાતા ભારે વિવાદ સર્જાયો હતો જે વિવાદ હજુ શમ્યો નથી ત્યાં તાજેતરમાં શાસકોની જાણ બહાર માંસ મટન વેચાણ કરવા ૨૩ વેપારીને લાયસન્સ ઈસ્યુ કરવામાં આવતા વધુ એક વિવાદ સર્જાયો હતો જેને લઈ ભાજપ શાસિત પાલનપુર પાલીકા બદનામ થઈ રહી છે.